માન્ય તથા સહાયિત બીન સરકારી
માધ્યમિક શાળાઓના કર્મચારીઓને માટે
જનરલ પ્રોવિડંટ ફંડ યોજના...

શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/એસએસએન/૩૪૭૭/૩૬૦૪૧/ગ,
સચિવાલય, ગાંધીનગર,.
તા. ૨૪-૧૧-૧૯૭૭

વંચાણમાં લીધો:- /૧/ શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક/એસએસએન/૩૪૭૦/૬૧૮૪૫/ગ તા. ૨૧-૧૨-૭૧.

/૨/ સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. ૨૭-૫-૭૬નો પત્રન/૫-૧/પ્રા.શિબો/પ્રો. ફંડ/૫૨૩૫/૫૮/

/૩/ શિક્ષણ નિયામકશ્રી અમદાવાદનો પત્રાંક/૧૮/મવશ/પેન/જાપી/એક/તા. ૧૨-૩-૭૪, ૭-૭-૭૫, અને ૧૯-૧૦-૭૫.

ઠરાવ:- શિક્ષણ અને મજુર વિભાગના તા. ૨૧-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક/એસએસએન/૩૪૭૦/૪૧૮૪૫/ગ હેઠળ સરકારે મંજુર કરેલ પેન્શન યોજનાનો વિકલ્પ સ્વીકાર્યો હોય તેવા માન્ય અને સહાયિત બીન સરકારી માધ્યમિક શાળાઓમાં કામ કરતા શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારીઓ માટે જનરલ પ્રોવીડંટ ફંડ યોજના દાખલ કરવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો. ઉકત વિચારણાના અંતે સરકારે આવા કર્મચારીઓની બાબતમાં જનરલ પ્રોવીડંટ ફંડ યોજનાનું વિનિયમન કરવા માટે ગ્રાન્ટ ઇન એઇડ કોડની કલમ-૬૭ અનુસાર આ સાથેના નિયમો મંજુર કર્યા છે.

૨. આ હુકમો તા. ૧-૪-૬૯થી અમલમાં આવશે.

૩. શિક્ષણ અને મજુર વિભાગની સરખા નંબરની ફાઇલ ઉપર નાણાં વિભાગની સહમતિ મેળવીને આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

: વી. આર. રાણા:
સેકશન ઓફીસર
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદ
તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદ
બધા જીલ્લા શિક્ષણાધિકારીઓ
બધા જીલ્લા તિજોરી અધિકારીઓ.
હિ. એ. જ. અમદાવાદ-રાજકોટ
હિ પે એન્ડ એકાઉન્ટ્સ ઓફીસર, અમદાવાદ.
શ્રી આર. એ. ઓ., અમદાવાદ
નાણાં વિભાગ,
હિ મેનેજર, સરકારી પ્રેસ ગાંધીનગર: સરકારી ગેઝેટમાં છાપવા માટે:
સીલેકટ ફાઇલ.